ક્રમાંક: ધ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૬૧૦૨-૦૫

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૩૧/૦૮/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી
તમામ

વિષય:- રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સમય નિયત કરવા બાબત

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક તા.૦૫/૦૬/૨૦૨૦

(૨) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: ધ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૦૮૪૨-૭૫ તા.૦૬/૦૬/૨૦૨૦

(૩) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: ધ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૧૫૫૦-૫૮૬, તા.૦૨/૦૭/૨૦૨૦

(૪) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: ધ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૩૯૫૫-૫૮, તા.૦૪/૦૮/૨૦૨૦

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ (૧) મા જણાવેલ શિક્ષણ વિભાગના ઠરાવના આપેલ સુચનાઓનો સંપુર્ણપણે અમલ થાય તે મુજબની કામગીરી કરી શકાય તેમજ હાલ વિદ્યાર્થીઓ શાળાએ ન આવતા હોઈ અનલોક-૩ દરમ્યાન એટલે કે તા.૩૧-૦૮-૨૦૨૦ સુધી રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય ૭:30 થી ૧૨.00 કલાક સુધીનો રાખવા અંગેની સુચના સંદર્ભ (૪) થી આપવામાં આવેલ હતી.

હાલમાં, સમગ્ર દેશમાં અનલોક-૦૪ અન્વયે 30 સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી શાળા/કોલેજ બંધ રાખવાની સૂચના આપવામાં આવેલ છે. જે સંજોગોમાં અત્રેની કચેરીના સંદર્ભ (૪) ના પત્રથી આપવામાં આવેલ સૂચના અનુસાર 30 સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય સવારે ૭.30 થી ૧૨.30 વાગ્યા સુધીનો રાખવા આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા/પરિપત્ર કરવા આથી જણાવવામાં આવે છે.

(એચ. એન. ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

પ્રતિ
આચાર્યશ્રી
માધ્યમિક ઉ.મા. શાળા - કાર્યનિષ્ઠ
શાળા એન તમામ સુરેન્દ્રનગર જિલ્લો

તા. ૩૧.૮.2020

ઉપરોક્ત વિષય અન્વયે અમલ થવા જણાવવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી વતી
સુરેન્દ્રનગર